# સીટી ઓફ બ્રેમ્પટન પોપ-અપ સર્વિસ બ્રેમ્પટન કાઉન્ટર્સ ખોલશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ઓગસ્ટ 27, 2021) – સપ્ટેમ્બર 1, 2021 થી શરૂ થતા, નવા સર્વિસ બ્રેમ્પટન ઇન-પર્સન (રૂબરૂમાં) પોપ-અપ કાઉન્ટર્સ હંગામી ધોરણે સુઝન ફેનેલ સ્પોર્ટ્સપ્લેક્સ (Susan Fennell Sportsplex), કેસી કેમ્પબેલ કમ્યુનિટી સેન્ટર (Cassie Campbell Community Centre) અને ગૉર મીડોસ કમ્યુનિટી સેન્ટર (Gore Meadows Community Centre) માં ખુલશે, જે બ્રેમ્પટનવાસીઓ માટે માહિતી અને સીટી સેવાઓ સુધી સરળ પહોંચ અભિગમ પૂરો પાડશે. એપોઇન્ટમેન્ટ્સ લેવાની જરૂર પડશે અને બુકિંગ અહીં કરી શકાય છે, www.brampton.ca/SkipTheLine.

રહેવાસીઓ સર્વિસીસ મેળવવાની વિનંતી કરવા અને ઘણી જુદી જુદી લેવડદેવડો પૂરી કરવા શહેરભરમાં સર્વિસ બ્રેમ્પટન સ્થળોની અનુકૂળપણે મુલાકાત લઇ શકશે જેમાં રિક્રિએશન રજીસ્ટ્રેશન, પાર્કિંગ ટિકિટ ચૂકવણીઓ અને રોકડ-સિવાયની કર ચૂકવણીઓ સામેલ છે. ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ અને ચેક્સ, બધું આ સ્થળોએ સ્વીકારવામાં આવશે.

નવા સર્વિસ બ્રેમ્પટન પોપ-અપ કાઉન્ટર્સનું હંગામી વિસ્તરણ વર્ષ 2022 નાં અંત સુધીમાં તૈયાર થશે. આ થયા પછી, કર્મચારીઓ સમીક્ષા કરશે કે શું સ્થળોને કાયમી ધોરણે વિસ્તારવાની જરૂર છે કે કેમ.

સર્વિસ બ્રેમ્પટન સુધી નીચેની ચાર અનુકૂળ રીતોએ દિવસમાં 24 કલાક, અઠવાડિયામાં 7 દિવસ પહોંચી શકાય છે:

- ઓનલાઇન વેબસાઇટ 311Brampton.ca જુઓ
- ઍપ સ્ટોર કે ગૂગલ પ્લે પરથી 311 Brampton ઍપ ડાઉનલોડ કરો
- બ્રેમ્પટન સીટીની હદમાં 311 (સીટીની હદ બહારથી 905.874.2000) નંબર પર કૉલ કરો
- ઇમેઇલ મોકલો 311@brampton.ca

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca